**ફોજદારી કેસ નં.૯/૨૦૨૨**

## –:: આંક–૧ તળે હુકમ ::–

(૧) ફરીયાદપક્ષના કેસની વિગત ટુંકમાં એવી છે કે, આ કામે આરોપીપક્ષે આંક–૧ ની ફરીયાદમાં જણાવેલ વિગતે ગુન્હો કરેલ છે.

(૨) ત્યારબાદ આરોપીપક્ષે સમન્સ ઈસ્યુ કરેલ, જે સંદર્ભે આરોપીઓ/આરોપી/અધિકૃત વ્યક્તિ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સિટીંગમાં હાજર થયેલ. જેથી તેઓને ફરિયાદ તથા તેની સાથેના કાગળોની નકલ વિના મુલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ ગુન્હાની વિગતો જણાવી ગુન્હો કબુલ છે કે કેમ? તેવું પુછવામાં આવેલ જેથી ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે અને અલગથી ગુન્હાની કબુલાત અંગે પુરસીસ રજુ કરતા તેઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુન્હો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરુદ્ધ પુરવા તરીકે ઉપયોગ લેવાશે. આમ છતાં ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે જેથી તેઓની પ્લી નોંધવામાં આવેલ છે.

(૩) આરોપીપક્ષે હાલની ફરિયાદ અન્વયેનો ગુન્હો કોઈપણ જાતની લાલચ કે દબાણ વિના કબુલ હોવાનું જણાવીને કબુલાત પુરસીસ રજુ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, પોતાને આ અંગે જાણ નહોતી અને અગાઉ તેઓ કોઈ ગુન્હામાં સંડોવાયેલા નથી. ભવિષ્યમાં આવો કોઈ ગુન્હો કરશે નહીં તેની ખાતરી આપેલ છે અને પોતાને સુધરવાની તક આપવા તથા સજા કર્યા વિના છોડી મુકવા અથવા કાયદા મુજબ ઓછી સજા કરવા અરજ કરેલ છે.

(૪) આ તબક્કે નામદાર મદ્રાસ હાઈકોર્ટ સમક્ષમાં એન.રામૈયા વિરુદ્ધ સ્ટેટનો ચુકાદો જોવામાં આવે તો તેમાં આરોપી વતી ઓથોરિટી આધારે જે વ્યક્તિને ઓથોરિટી આપેલ હોય તેઓ ગુનાની કબુલાત કરી શકે તેવુ ઠરાવેલ છે. તે સંજોગોમાં આરોપીપક્ષે ઓથોરિટી આધારે જે વ્યક્તિ અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહીને ગુનાની કબુલાત પુરસીસ રજુ કરેલ હોય તેઓ ગુનો કબુલ કરી શકે તેમ છે. વધુમાં આરોપીપક્ષ સામેના ગુન્હાની હકીકત તથા સજાની જોગવાઈ

જોવામાં આવે તો આંક-૧ ની ફરીયાદમાં જણાવ્યા મુજબનો ગુન્હો કરેલ છે. તે સંજોગોમાં આરોપીપક્ષ સ્વેચ્છાએ ગુન્હો કબુલ કરતા હોય તેથી તેઓને દોષિત ઠરાવવામાં આવે છે પરંતુ આરોપીપક્ષ જે જોગવાઈનો ભંગ કરેલ છે તે ધ્યાને લેતા ગુનો કબુલ કરનારની ઉંમર, કેસની હકીકત, કેસનું આયુષ્ય, સજાની જોગવાઈ, ગુન્હોનો પ્રકાર વિગેરે, તેમજ ખાસ સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરુદ્ધ નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫(૧) જી.એલ. આર. પાના ૭૦૯ ઉપરના ચુકાદામાં પ્રસ્થાપિત સિદ્ધાંત ધ્યાને લેતા તેઓને વ્યાજબી તથા ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુન્હો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે. જેથી હાલના કેસમાં નીચે મુજબનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

(૧) આ કામના આરોપીઓ/આરોપી/અધિકૃત વ્યક્તિને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૨૭૫ મુજબ ૧૯૪૮ ના લઘુતમ વેતન અધિનિયમ સાથે વાંચતા ૧૯૬૧ ના નિયમ-૨૧(૧)(૧),નો ભંગ કરીને તે કાયદાની કલમ ૨૨(એ) મુજબના ગુન્હા સંદર્ભે દોષિત ઠરાવવામાં આવે છે અને તેઓને પ્રત્યેક કલમના ભંગ બદલ રૂ.૨૧,૦૦૦/- તેમ મળી કુલ રકમ **રૂ.૬૩,૦૦૦/- (શબ્દોમાં રૂપિયા ત્રેસઠ હજાર પુરા)** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. દંડ ભરવામાં કસુર કરે તો એક માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીપક્ષે ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા.૧૪/૦૩/૨૦૨૬ ના રોજ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સિટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

જુનાગઢ
તા.૧૪/૦૩/૨૦૨૬

**(જે.એસ.જાદવ)**
જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
મજુર અદાલત,જુનાગઢ.
(જી.જે.૦૧૪૨૪)

J.S.JADAV(J.D)
Judge,Labour Court,Junagadh